Navgujarat Samay, January 9, 2021 Saturday

**82,000 milch animals artificially inseminated in Anand**

Anand: Dairy has developed to a great extent in Charotar region through cooperatives and continuous efforts are being made to increase milk production. As part of this, more than 82,000 animals have been artificially inseminated this year. Since establishment of Amul dairy in this district, majority of the residents adopt dairy farming besides agriculture. The district administration has also set-up 20 veterinary hospitals and is working to improve breeds of livestock. Milch animals are regularly inseminated with sperms of superior quality bulls. These include cows and buffaloes of breeds like Shankar and Gir.

During the year, Animal Improvement unit of Anand got a total of 19,673 animals, including 1,603 cows, 11,363 buffaloes and 6,707 Shankar breed of cows, artificially inseminated. While Amul Dairy got 62,561 animals including Gir cows, Murrah buffaloes and Shankar cows artificially inseminated.

Of these, 7,609 artificial inseminations were successful while 10,083 inseminations were unsuccessful.

# આણંદ જિલ્લાનાં 82 હજાર દૂધાળાં પશુઓને કૃત્રિમ બીજદાન કરાયું

## ડેરી ઉદ્યોગના વિકાસ સાથે દૂધ ઉત્પાદન વધારવા પ્રયાસ

**નવગુજરાત સમય > આણંદ**

ચરોતરમાં સહકારી ધોરણે ડેરી ઉદ્યોગ ખૂબ જ વિકસ્યો છે અને ડેરી ઉદ્યોગનો વિકાસ કરી દૂધ ઉત્પાદન વધારવાના નિયમિત પ્રયાસો થઈ રહ્યા છે. આ પ્રયાસના ભાગરૂપે આણંદ જિલ્લાના ૮૨ હજારથી વધુ પશુઓને ચાલુ વર્ષે કૃત્રિમ બીજદાન કરાયું છે.

આણંદ સ્થિત અમૂલ ડેરીના કારણે જિલ્લામાં મુખ્ય વ્યવસાય ખેતી ઉપરાંત પશુપાલનનો વ્યવસાય પણ વિકસ્યો છે. તેને વધુ વિકસાવવા અને તેના થકી દૂધના ઉત્પાદનમાં વધારો કરવા તેમજ પશુપાલકોનું જીવનધોરણ ઊંચું લાવવાનો પ્રયાસ સરકાર દ્વારા થઈ રહ્યો છે. સરકારના આ પ્રયાસના ભાગરૂપે આણંદમાં નાયબ પશુપાલન નિયામક ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી કાર્યરત છે. અને જિલ્લામાં ૨૦ જેટલાં પશુ દવાખાના પશુધનની ઓલાદ સુધારવા માટે કાર્યરત છે. અને નિયમિત સારી ઓલાદના સાંઢ



પશુઓનું બીજદાન દૂધાળાં પશુઓમાં કરે છે. જેમાં શુદ્ધ ગાય, ભેંસ, શંકર ગાય, ગીર ગાય વગેરે દૂધાળાં પશુઓનો સમાવેશ થાય છે.

વર્ષ દરમિયાન પશુ સુધારણા આણંદ એકમ દ્વારા ગાય ૧૬૦૩, ભેંસ ૧૧૩૬૩, શંકર ગાય ૬૭૦૭ મળી કુલ્લે ૧૯૬૭૩ પશુઓમાં કૃત્રિમ બીજદાન કરાયું હતું. ત્યારે આણંદ અમૂલ ડેરી દ્વારા ગીર ગાય, મુરાહ ભેંસ તથા શંકર ગાય મળી કુલ ૬૨૫૬૧ પશુઓનો બીજદાન કરાયું છે.

જિલ્લામાં ૭૬૦૯ બીજદાન સફળ રહ્યા હતા જ્યારે ૧૦૦૮૩ બીજદાન અસફળ રહ્યા હતા.